રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ ના વર્ગોમાં પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/(પાર્ટ-૧)/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૨૭/૦૮/૨૦૨૧

વંચાણે લીધા:
(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૪/૦૭/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક મશબ/૧૨૨૦/૮૭૪/છ
(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૭/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક મશબ/૧૨૨૦/૮૭૪/છ

આમુખ:

રાજ્યમાં કોવિડ-૧૯ સંક્રમણ વધવાના કારણે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી રાજ્યની પ્રાથમિક શાળાઓ બંધ રાખવા અંગે આ વિભાગના તારીખ ૦૫/૦૪/૨૦૨૧ના પત્રથી નિર્ણય કરવામાં આવેલ હતો. ત્યારબાદ, આ વિભાગના તા.૧૪/૦૭/૨૦૨૧ના સંદર્ભ (૨) હેઠળના પરિપત્રથી ધોરણ-૧૨ના વર્ગો માટે અને તા.૨૩/૦૭/૨૦૨૧ના સંદર્ભ (૩) હેઠળના પરિપત્રથી ધોરણ ૯ થી ૧૧ના વર્ગો માટે તબક્કાવાર પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવામાં આવેલ. કોરોનાની વર્તમાન સુધરતી સ્થિતિને ધ્યાને લઇને, પુરતી તકેદારી સાથે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે તબક્કાવાર પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુન: શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે,રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ના વર્ગો માટે તા.૦૨/૦૯/૨૦૨૧, ગુરૂવારથી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુન: શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવે છે. આ નિર્ણયને અનુલક્ષીને રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના શાળા સંચાલક મંડળો, શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧).રાજ્યની તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તા.૦૨/૦૯/૨૦૨૧થી ધોરણ-૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ભૌતિક રીતે/પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય (Offline Education) ફરીથી શરૂ કરવાનું રહેશે. જો કે,ભૌતિક રીતે/પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય (Offline Education)માં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થા/પ્રાથમિક શાળાએ આ સાથે સામેલ નમૂના અનુસાર

Scanned by CamScanner

વિદ્યાર્થીના વાલી પાસેથી લેખિત સંમતિપત્ર મેળવી લેવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ વર્ગમાં ભૌતિક હાજરીથી પ્રત્યક્ષ રીતે ન જોડાઇ શકે તે વિદ્યાર્થીઓ માટે શાળાઓ દ્વારા Online શિક્ષણકાર્ય સહિત Home Learning ની હયાત પદ્ધતિ ચાલુ રાખવાની રહેશે.

(૨). પ્રાથમિક શિક્ષણ પ્રભાગ હેઠળ આ તબક્કે માત્ર ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જ શાળાએ બોલાવવાના રહેશે. વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ પૂરતી કાળજી લઈને વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. વર્ગખંડોમાં વિદ્યાર્થી સંખ્યાના ૫૦ % ની ક્ષમતાની મર્યાદામાં, એકાંતર દિવસ (Alternate day) મુજબ વિદ્યાર્થીઓને વર્ગખંડ શિક્ષણ માટે બોલાવવાના રહેશે તેમજ વર્ગખંડો/શાળા સંકુલ ખાતે કોઈપણ બે વિદ્યાર્થી/વ્યક્તિ વચ્ચે પર્યાપ્ત સલામત અંતર/Social Distancing અચૂકપણે જાળવવાનું રહેશે. વધુમાં, વર્ગખંડો/ શાળા સંકુલ ખાતે નિયમિત રીતે યોગ્ય સેનેટાઈઝેશન કરવાનું રહેશે તથા સંસ્થાના પરિસરમાં હેન્ડ વોશિંગ / સેનેટાઇઝેશનની જરૂરી વ્યવસ્થા જાળવી રાખવાની રહેશે.

(૩). સંબંધિત અભ્યાસક્રમને ધ્યાને લઈને કયા વિષય/અભ્યાસક્રમ માટે કેવા પ્રકારની શૈક્ષણિક વ્યવસ્થા ગોઠવવી તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના મુખ્ય શિક્ષકશ્રી/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ આચાર્યશ્રી સક્ષમ રહેશે.

(૪). શાળા સંકુલની અંદર અને બહાર વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય કર્મચારી સહિત તમામ વ્યક્તિઓ માટે યોગ્ય રીતે ફેસમાસ્ક પહેરવું ફરજિયાત રહેશે. COVID-19 સંદર્ભે ઉચિત વર્તણૂક (Covid Appropriate Behaviour) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ બાબતમાં સતત મોનીટરીંગ કરીને કોઇપણ સંક્રમિત અથવા સંક્રમણના લક્ષણ ધરાવતા કોઈ પણ વિદ્યાર્થી/શિક્ષક અથવા ત્રાહિત વ્યક્તિ શાળા સંકુલમાં પ્રવેશે નહિ તે અંગે સંબંધિત તમામ સ્થાનિક સત્તાધિકારીઓએ પૂરતી તકેદારી અને કાળજી લેવાની રહેશે.

(૫). શાળા ખાતે વિદ્યાર્થીઓના આવવા-જવાના તેમજ રિસેસના સમયે વાલીઓ અને વિદ્યાર્થીઓ એક સાથે એક જ સ્થળે એકત્ર ન થઇ જાય તેની પૂરતી તકેદારી રાખીને સંબંધિત શાળાએ સુચારૂ આયોજન કરવાનું રહેશે.

(૬). કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા અથવા જેના પરિવારમાં કોરોના સંક્રમિત કોઈપણ વ્યક્તિ હોય તેવા કોઈ વિદ્યાર્થી, સ્ટાફ મેમ્બર અથવા ત્રાહિત કોઈપણ વ્યક્તિ માટે શાળા સંકુલમાં પ્રવેશની મનાઈ રહેશે. જો કોઈ શાળા કન્ટેન્ટમેન્ટ ઝોનના વિસ્તારમાં હોય તો કન્ટેન્ટમેન્ટના સમયગાળા દરમિયાન સંબંધિત શાળા બંધ રાખવાની રહેશે.

(૭). સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ SOP માં દર્શાવ્યા મુજબ તમામ સંબંધિતો જેવા કે મુખ્ય શિક્ષક, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, SMC સભ્ય, વગેરેના કેપેસીટી બિલ્ડીંગ અંગેની કાર્યવાહી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) એ કરવાની રહેશે. આ તમામ કાર્યવાહી સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ એસ.ઓ.પી/માર્ગદર્શિકાને અનુસરીને કરવાની રહેશે.

Scanned by CamScanner

(૮). પ્રાથમિક શાળાઓમાં સમૂહ પ્રાર્થના, રમત-ગમતની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે તમામ પ્રકારની અન્ય સામુહિક પ્રવૃત્તિઓ આ બાબતમાં આગામી સૂચના ન મળે ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રાખવાની રહેશે.

(૯). દરેક વિદ્યાર્થીએ શાળામાં રાખવાની થતી તકેદારી બાબતે સંબંધિત વાલીએ પોતાના પાલ્ય (વિદ્યાર્થી) ને પૂરતી સમજ આપીને શાળાએ મોકલવાના રહેશે. જાહેર આરોગ્યના હિતમાં શાળા સંકુલ પરિસર ખાતે પણ સર્વે વ્યક્તિઓએ જાહેર શિસ્તનું પાલન કરવાનું રહેશે.

(૧૦). આ અંગેની વિગતવાર સૂચનાઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા પ્રસિધ્ધ કરવાની રહેશે.

પ્રત્યેક વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને સંબંધિત જિલ્લાના વહીવટીતંત્ર, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાળાના મુખ્યશિક્ષકશ્રી/સંચાલકશ્રી દ્વારા ઉપર્યુક્ત તમામ માર્ગદર્શિકાનું પાલન વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ: વાલી/માતા-પિતાના સંમતિપત્રનો નમુનો

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ /મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ શાસનાધિકારીશ્રીઓ
  *(મારફતે: નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી)*
- આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  ( આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.



ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/ ૯૫૦૩-૯૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૨૭/૦૮/૨૦૨૧

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઉક્ત તા.૨૭/૦૮/૨૦૨૧ ના ઠરાવ અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરાવવા સારૂ . . .

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . . .</u>

- શ્રી સુબોધ જોષી, ઉપ સચિવશ્રી, ક-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

Scanned by CamScanner

વાલી/માતા-પિતાનું નામ

..............................................

સરનામું..............................................

..............................................

મોબાઇલ/સંપર્ક નં:..............................

તા. ................

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,
શાળાનું નામ ..............................................
સરનામું..............................................
તાલુકો............ જિલ્લો.................

વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબતે

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇને સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P. (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. મારો પુત્ર/પુત્રી/પાલ્ય (વિદ્યાર્થીનું નામ) .............................................................. આપની શાળામાં ધોરણ ......... માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતા-પિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા માટેની હું સંમતિ આપુ છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઇડલાઇન્સનુ પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપુ છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં ફેસ માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઇને આવે અને અન્ય કોઇ સાથે તેની આપ-લે ન કરે તે બાબતમાં અમોએ અમારા પાલ્યને જરૂરી સમજ આપેલ છે. મારા પરિવારમાં જો કોઇ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો અથવા મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં મોકલીશ નહિ તે બાબતની હું ખાતરી આપુ છું.

આપનો વિશ્વાસુ,

.....સહી.....

( )

વાલીનું નામ



Scanned by CamScanner